હવામાન	મહત્તમ	લઘુત્તમ
અમદાવાદ	૪૧.૦° સે.	૨૭.૦° સે.
ગાંધીનગર	૪૧.૦° સે.	૨૭.૦° સે.
ભાવનગર	૩૯.૦° સે.	૨૭.૦° સે.
રાજકોટ	૪૦.૦° સે.	૨૪.૦° સે.

ઉત્તર ગુજરાત-સૌરાષ્ટ્રમિત્ર

ગુજરાતમિત્ર

અમદાવાદ | બનાસકાંઠા | સાબરકાંઠા | અરાવલી | મહેસાણા | પાટણ | ભાવનગર | જૂનાગઢ | પોરબંદર | રાજકોટ | દ્વારકા | સુરેન્દ્રનગર

શુક્રવાર ૨૬ એપ્રિલ, ૨૦૨૪

ક્ષત્રિય સમાજ હવે ભાજપ વિરુદ્ધ આકરાપાણીએ, ઠેરઠેર વિરોધ પ્રદર્શનો

જામનગરમાં ભાજપના ઉમેદવારોનો વિરોધ, જામખંભાળિયામાં 'ભાજપને મત નહીં'નો હુંકાર

ભાવનગરના સોનગઢ ગામમાં રૂપાલાના વિરોધમાં બંધ પળાયો, છોટાઉદેપુરના વાસણા ગામે ક્ષત્રિય સમાજની બેઠકમાં ભાજપને ઘરે બેસાડવા રણનીતિ

ગાંધીનગરઃ પરસોતમ રૂપાલાનો વિરોધ કરતાં હવે ધીમે ધીમે ભાજપનો વિરોધ આક્રમક બની રહ્યો છે. રૂપાલાના વિરોધનો ભોગ ભાજપના ઉમેદવાર બની રહ્યાં છે. જામનગરમાં ભાજપના ઉમેદવાર પૂનમ માડમની સભામાં ક્ષત્રિયોએ વિરોધ પ્રદર્શન કર્યો હતો, અને રૂપાલા હાય હાયના નારા લગાવ્યા હતા.

રાજ્યભરમાં ક્ષત્રિયો હવે આક્રમક બન્યા છે. નારી અસ્મિતાના મુદ્દે કોઈપણ બાંધછોડ કરવા માંગતા નથી. હવે ક્ષત્રિય સમાજ ખુલીને ભાજપનો વિરોધ કરવા મેદાને પડ્યો છે. જામનગરમાં પૂનમ માડમની ચૂંટણી સભામાં મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના યુવકો પહોંચી ગયા હતા, અને વિરોધ પ્રદર્શન કરી રૂપાલા હાય હાયના નારા લગાવ્યા હતા. આ વિરોધ પ્રદર્શન થતાં જ જાહેર સભામાં સન્નાટો છવાઈ ગયો હતો. બીજી તરફ વિરોધ પ્રદર્શન કરી રૂપાલા હાય હાયના નારા લગાવતા ક્ષત્રિય યુવકોને સમજાવવામાં આવ્યા હતા. જોકે આખરે પોલીસ તેઓને બહાર લઈ ગઈ હતી.

ક્ષત્રિય અસ્મિતા ધર્મરથ જામખંભાળિયા પહોંચ્યો

ક્ષત્રિય સમાજ દ્વારા કાઢવામાં આવેલા ક્ષત્રિય અસ્મિતા ધર્મરથ આજે જામખંભાળિયા પહોંચ્યો હતો, ત્યારે મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના લોકો ઉમટી પડી ભાજપનો વિરોધ કર્યો હતો. સાથે જ ક્ષત્રિય સમાજ વાડીમાં મળેલી સમાજની બેઠકમાં સમાજના આગેવાન સંજયસિંહે ભાજપને મત નહીંનો હુંકાર કરીને ઉપસ્થિત તમામ ક્ષત્રિય સમાજના લોકોને ભાજપનો ખુલ્લો વિરોધ કરવા અને કોંગ્રેસને મત આપવા સોગંદ લેવડાવ્યા હતા.

રૂપાલાના વિરોધમાં ભાવનગરનું સોનગઢ ગામ સજ્જડ બંધ રહ્યું

ભાવનગરના સોનગઢ ગામ ખાતે રૂપાલાના વિરોધમાં આખા ગામે આજે બંધ પાડ્યો હતો, અને રોજગાર, ધંધા, લારી- ગલ્લા સહિત તમામ સંસ્થાઓ બંધ રાખીને ગામ લોકોએ સજ્જડ બંધ પાડીને રૂપાલાની સાથે ભાજપનો વિરોધ કર્યો હતો. ગામ લોકોએ રૂપાલા વિરુદ્ધ સૂત્રચાર કરી ભાજપને મત નહીં આપવા અપીલ કરી હતી.

છોટાઉદેપુરના વાસણા ગામે ક્ષત્રિય સમાજની બેઠક : ભાજપને ઘરે બેસાડવા રણનીતિ

છોટાઉદેપુરના વાસણા ગામે ક્ષત્રિય સમાજની એક બેઠક આખી રાત ચાલી હતી. આ બેઠકમાં છોટાઉદેપુર વડોદરા, દાહોદ, સહિતના વિસ્તારોના ક્ષત્રિય સમાજના યુવકો આગેવાનો તેમજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા, તેઓએ ભાજપ વિરુદ્ધ મતદાન કરવા અપીલ કરી હતી. સમાજના અગ્રણીએ કહ્યું હતું કે સમાજ હવે જાગી ગયો છે. રૂપાલાને હવે કોઈપણ સંજોગોમાં માફી આપવાના મૂડમાં નથી. રૂપાલાની ટિકિટ ભાજપ દ્વારા રદ ન કરાતા હવે ભાજપે પણ પરિણામ ભોગવવા પડશે. ક્ષત્રિય સમાજ અન્ય સમાજને સાથે રાખીને ભાજપને ઘેર બેસાડવાની રણનીતિમાં લાગી ગયો છે.

રૂપાલાના નિવેદનનું પાર્ટીને પણ દુઃખ, ક્ષત્રિયો રૂપાલાને માફ કરે: ભાજપના એક જ રાગથી ક્ષત્રિયો નારાજ

રાજ્યભરમાં ઠેર ઠેર ક્ષત્રિય આગેવાનોને મનાવવા ભાજપના નેતાઓના પ્રયાસ, પણ વાત એક જ, ક્ષત્રિયો રૂપાલાને માફ કરે

ગાંધીનગરઃ ક્ષત્રિય સમાજના આગેવાનો સાથે 14 લોકસભા બેઠકો પર ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી તથા પ્રદેશ ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર દ્વારા બેઠકો કરાઈ છે. આ બેઠક દરમ્યાન ક્ષત્રિય સમાજના અગ્રણીઓને મનાવવાના સંભવિત તમામ પ્રયાસો કરાઈ રહ્યા છે.

ક્ષત્રિય સમાજે પાટીદાર આંદોલનની પેટર્ન પર આંદોલન ચાલુ રાખ્યું છે, એટલું જ નહીં, હવે રૂપાલાની સાથે ભાજપનો પણ વિરોધ કરાશે, તેવું એલાન કર્યું છે.

ક્ષત્રિય સમાજની આ જાહેરાત બાદ હાઈકમાન્ડના આદેશને પગલે હવે 14 લોકસભા બેઠકો પર ભાજપના ક્ષત્રિય સમાજના આગેવાનો તથા ક્ષત્રિય સમાજના અગ્રણી કાર્યકરો સાથે મહત્વની બેઠક યોજીને જુદા જુદા 10 મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા પણ કરી લીધી છે. ખાસ કરીને સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, ભાવનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, કચ્છ અને આણંદ સહિતની લોકસભા બેઠકોના મુખ્ય શહેરોમા આ બેઠકો યોજાઈ હતી. જેમાં મૂળ તો ક્ષત્રિય આંદોલનને શાંત કરવાના પ્રયાસ કરાયા હતા.

જ્યાં જ્યાં ભાજપે ગૃહમંત્રી અને ભાજપ પ્રમુખે બેઠકો કરી ત્યાં એક જ વાત

બેઠકમાં ચર્ચાયેલા મુદ્દાઓ મુજબ, રૂપાલાના નિવેદનનો પાર્ટી દ્વારા કોઈ બચાવ કરાયો નથી, ભાજપનું નેતૃત્વ પણ દુઃખી છે, રૂપાલા ઉપરાંત પ્રદેશ ભાજપના પ્રમુખ પાટીલે પણ રૂપાલા વતી માફી માંગીને મોટું મન રાખીને રૂપાલાને માફ કરવા અપીલ કરી છે, કોઈ કોમ્યુનિકેશન ગેપ ના રહે એટલે ભાજપના ક્ષત્રિય સમાજના આગેવાનો પણ વિષય સમાજની વચ્ચે મૂકી રહ્યા છે, જ્યાં કોઈ પણ સ્થાન પર વિરોધ થાય તો, કાર્યકરો ક્ષત્રિય સમાજના આગેવાનોની રજૂઆત કે વાત શાંતિથી સાંભળે અને સંઘર્ષમાં ના ઉતરે. લાગણી ન દુભાય અને મન દુઃખ થયું હોય તો, મોટું મન રાખીને માફ કરવાની વાત છેક પહેલા દિવસથી પ્રદેશ પ્રમુખે પણ કરી છે.

માણેકચોક ખાતે ગ્રાહકોને ગરમીથી બચાવવા ગ્રીન નેટ બંધાઈ

■ ઉનાળો મધ્યાહને છે અને આકરી ગરમી પડી રહી છે. ત્યારે શહેરના જાણીતા માણેક્યોક ખાતે ગ્રાહકોને ગરમીથી બચાવવા માટે દુકાનદારોએ ગ્રીન નેટ બાંધીને ગલીઓમાં ઠંડક આપવા પ્રયાસ કર્યો છે.

રાજ્યમાં 12 IPSની આંતરિક બદલી, પાંચને બઢતી આપવામાં આવી

ચૂંટણી પંચની લીલી ઝંડી બાદ ગૃહ વિભાગ એક્શનમાં આવ્યું

સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચના વડા તરીકે રાઘવેન્દ્ર વત્સ, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં શરદ સિંઘલની નિમણૂક

ગાંધીનગરઃ કેન્દ્રિય ચૂંટણી પંચની લીલી ઝંડી બાદ હવે રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા આજે સાંજે 12 જેટલા આઈપીએસની બદલીના આદેશ કરી દેવાયા છે. ગગનદીપ ગંભીરને ગાંધીનગર ADGP બનાવાયા છે, જ્યારે રાઘવેન્દ્ર વત્સને સુરત ક્રાઈમ એસીપી બનાવાયા છે. અજીત રાજીયાનને અમદાવાદ શહેર ડીસીપી ક્રાઈમ બનાવાયા છે. લવિના સિંહાને ડીસીપી સાયબર ક્રાઈમ અને હિમાંશુ વર્માને DCP ZONE 1 અમદાવાદમાં મૂકાયા છે. આ તમામ 12 આઈપીએસ અધિકારીઓ પોસ્ટિંગ માટે રાહ જોઈ રહ્યા હતા, જ્યારે પાંચ આઈપીએસને બઢતી અપાઈ છે.

ગગનદિપ ગંભીરને એડીજીપી - એડમીન તરીકે, રાઘવેન્દ્ર વત્સને અધિક પોલીસ કમિશનર સુરત સિટી ક્રાઈમ બ્રાન્ચ, શરદ સિંઘલને જોઈન્ટ સીપી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ, નીરજકુમાર બડગુજરને અધિક પોલીસ કમિશનર સેકટર - 1 - અમદાવાદ, ચૈતન્ય માંડલીકને એન્ટી રેડીકલાઈઝેશન સેલ, સીઆઈડી ક્રાઈમ, મનીષ સિંગને એસપી એમટી, ગાંધીનગર, ઉષા રાડાને એસઆરપી ગ્રુપ મુડેટી - સાબરકાંઠા, અજય રાજયાનને ડીપીસી અમદાવાદ સિટી ક્રાઈમ બ્રાન્ચ, ડૉ લવીના સિન્હાને ડીપીસી સાયબર ક્રાઈમ બ્રાન્ચ, હિમાંશુ કુમાર વર્માને ડીસીપી ઝોન-1 અમદાવાદ, રૂપલ સોલંકીને સ્ટાફ ઓફિસર ડીજીપી ઓફિસ, ગાંધીનગર અને ભારતી પંડ્યાની નિમણૂંક એસપી, ટેક્નીકલ સર્વિસ તરીકે બદલી કરાઈ છે.

આ ઉપરાંત ગૃહ વિભાગ દ્વારા પાંચ આઈપીએસને પે મેટ્રિક્સ લેવલ -11માં બઢતી અપાઈ છે, જેમાં બીસાખા જૈન, રાઘવ જૈન, ડૉ જીતેન્દ્ર અગ્રવાલ, ડૉ નીધિ ઠાકુર અને કે. સિદ્ધાર્થનો સમાવેશ થાય છે.

ઓપરેશન ભાજપ , ક્ષત્રિયોએ અંબાજીથી વધુ એક અસ્મિતા ધર્મરથનું પ્રસ્થાન કરાવ્યું

બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ફરીને લોકોને ભાજપ વિરુદ્ધ મતદાન કરવા અપીલ કરાશે

રાજકોટના અસ્મિતા મહાસંમેલનના ઓડિયો રેકોર્ડિંગ સંભળાવી લોકોને ક્ષત્રિય સમાજના અપમાનનો બદલો લેવા આવાહન કરાશે

ગાંધીનગરઃ ઓપરેશન ભાજપ પાર્ટ- ટુ હેઠળ આજે પવિત્ર યાત્રાધામ અંબાજીથી વધુ એક ધર્મરથનું પ્રસ્થાન કરાયું હતું. ભાજપે રૂપાલાની ટિકિટ રદ કરવાની માગણી નહીં સ્વીકારતા ક્ષત્રિય સમાજમાં આક્રોશ ફેલાયો છે. સાથે જ હવે ભાજપ માટે પણ નારાજગી ઊભી થતાં ક્ષત્રિય સમાજ ભાજપથી દૂર જઈ લોકસભાની ચૂંટણીમાં ભાજપને હરાવવા મેદાને પડ્યો છે. બીજી તરફ ભાજપ દ્વારા ક્ષત્રિયોને મનાવવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, પરંતુ ક્ષત્રિય સમાજ કોઈપણ સંજોગોમાં આ મામલે હવે પીછેહટ કરવા માંગતો નથી. આજે અંબાજીથી ક્ષત્રિય અસ્મિતા ધર્મરથનો પ્રારંભ થયો હતો. ગઈકાલે ક્ષત્રિય સમાજ દ્વારા રાજકોટથી ધર્મરથને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આજે અંબાજીથી ધર્મરથને પ્રસ્થાન કરાવ્યું છે. આ ધર્મરથ બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ફરી લોકોને ભાજપ વિરુદ્ધ મતદાન કરવા માટે અપીલ કરશે.

ધર્મરથ જે જે ગામમાં જશે તે ગામમાં જનસભાઓ, મહિલા સંમેલનો તેમજ ધાર્મિક કાર્યક્રમોના માધ્યમથી લોકોને ભાજપ વિરુદ્ધ મતદાન કરવા માટે આવાહન કરાશે. ધર્મરથ જ્યાં જ્યાં ફરશે ત્યાં ત્યાં ક્ષત્રિય સમાજ દ્વારા રાજકોટમાં યોજાયેલા મહાસંમેલન દરમિયાન ક્ષત્રિય આગેવાનો દ્વારા કરવામાં આવેલા ભાષણોના ઓડિયો રેકોર્ડિંગ વગાડીને લોકોને ક્ષત્રિય સમાજના અપમાનનો બદલો લેવા આગળ આવવા આવાહન કરાશે.

પાલડી ખાતે સાબરમતી નદીમાં લીલ જામી જતાં ચિંતા

■ કાંકરિયા રિવરફ્રન્ટ ડેવલપ કર્યા બાદ સાબરમતિ નદીનો પટ અને તટ આકર્ષક બન્યા હતાં. જો કે હવે ઉનાળામાં પાણીનું બાષ્પીભવન વધવા સાથે પાણી બંધિયાર પણ થવાથી લીલ જામવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો છે. જેને પગલે અમદાવાદીઓ તેમજ અમદાવાદ મહાનગરપાલિકાને પણ લીલની ચિંતા સતાવવા લાગી છે.

નામની મોંકાણ, અમદાવાદમાં જૂથ અથડામણમાં 70 વર્ષીય વૃદ્ધાનું મોત

અમદાવાદના વસ્ત્રાપુરની ઘટના, મંદિરના જીર્ણોદ્ધારની આમંત્રણ પત્રિકામાં નામ નહીં છાપવા મુદ્દે સમાજના જ બે પક્ષ વચ્ચે પથ્થરમારો, લાકડી-ધોકા ઉછળ્યા

ટ્રાફિકના પોલીસ ઈન્સ્પેક્ટર ગોવિંદ ભરવાડ સહિત 14 સામે ગુનો નોંધાયો

અમદાવાદઃ અમદાવાદ શહેરના વસ્ત્રાપુર ગામમાં એક જ કોમના બે જૂથ વચ્ચે અથડામણ થતાં બંને જૂથના લોકો સામસામે પથ્થરમારા સાથે, લાકડીઓ અને ધોકા વડે એકબીજા ઉપર તૂટી પડ્યા હતા. જેમાં એક વૃદ્ધ મહિલાનું પથ્થર વાગવાથી મૃત્યુ થયું હતું, જ્યારે સાત લોકોને ઈજા થઈ હતી.

અમદાવાદ શહેરના વસ્ત્રાપુર ગામમાં ભરવાડવાસમાં 35 વર્ષ જૂના કૃષ્ણ ભગવાનના મંદિરના જીર્ણોદ્ધાર પ્રસંગ કાર્યક્રમમાં આમંત્રણ પત્રિકામાં નામ ન છપાવવા બાબતે એક જ કોમના બે જૂથ સામસામે આવી ગયા હતા અને એકબીજા ઉપર પથ્થરમારો કરી હુમલો કર્યો હતો. જેમાં 70 વર્ષના લીરીબેન ભરવાડનું મૃત્યુ થયું હતું. જ્યારે સાત લોકોને ઈજા પહોંચી હતી. મૃતક વૃદ્ધ મહિલાના પરિવારજનોએ લાશ સ્વીકારવાનો ઈન્કાર કરતા મામલો વધુ તંગ બન્યો હતો. આખરે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ ઘટના સ્થળે પહોંચી સમગ્ર મામલાને શાંત પાડ્યો હતો. પોલીસે નિષ્પક્ષ તપાસની ખાતરી આપી, આ ઘટના અંગે ટ્રાફિક વિભાગમાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર ગોવિંદ ભરવાડ સહિત 14 લોકો સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

વડાપ્રધાન મોદી 1લી અને 2જી મેએ ગુજરાતમાં, છ સભાને સંબોધન કરશે

ગાંધીનગરઃ એક તરફ પ્રદેશ ભાજપની નેતાગીરી દ્વારા નારાજ થયેલા ક્ષત્રિય સમાજના આગેવાનો સાથે સમાધાન માટે સીધો સંવાદ ચાલી રહ્યો છે, ત્યારે હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી 1લી તથા 2જી મેના રોજ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. બે દિવસમાં પીએમ મોદી છ સભાઓને સંબોધન કરશે, જે એક ડઝન લોકસભા બેઠોકને આવરી લેશે.

1લી મેના રોજ બપોરે 3.30 વાગ્યે બનાસકાંઠાના ડીસા ખાતે, તે પછી હિંમતનગર ખાતે સાંજે સાડા પાંચ વાગ્યે સભાને સંબોધન કરશે. બીજા દિવસે આણંદ, વઢવાણ, જૂનાગઢ અને જામનગર ખાતે સભાને સંબોધન કરશે. આ છ સભાઓની સાથે પીએમ મોદી એક ડઝન લોકસભા બેઠકોને પ્રચારમાં આવરી લેશે.

ગરમીનો ઉપાડો ફરી શરૂ, વલ્લભ વિદ્યાનગરમાં 42 ડિગ્રી

રાજ્યભરમાં તાપમાનમાં ગરમી એક ડિગ્રી જેટલી વધી, પાંચેક દિવસ ગરમીનું મોજું ચાલુ રહેવાની સંભાવના

ગાંધીનગરઃ રાજ્યમાં આજે દિવસ દરમ્યાન ગરમીમાં 1 ડિગ્રી જેટલો વધારો નોંધાયો છે. ખાસ કરીને ગુજરાતમાં રાત્રીના તાપમાનમાં વધારો થયો છે. આજે દિવસ દરમ્યાન રાજ્યમાં મધ્ય ગુજરાતમાં વલ્લભ વિદ્યાનગરમાં ગરમી વધીને 42 ડિગ્રીએ પહોંચી હતી. આગામી 4થી5 દિવસમાં ગરમીમાં કોઈ મોટી વધઘટ જોવા મળશે નહીં. અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર અને અમદાવાદમાં પણ 1 ડિગ્રી જેટલી ગરમી વધી હતી.

અમદાવાદના એરપોર્ટ કેમ્પસ સ્થિત હવામાન વિભાગના સત્તાવાર સૂત્રો મુજબ આજે અમદાવાદમાં 41 ડિ.સે., ડીસામાં 39 ડિ.સે., ગાંધીનગરમાં 40 ડિ.સે.,વલ્લભ વિદ્યાનગરમાં 42 ડિ.સે., વડોદરામાં 41 ડિ.સે., સુરતમાં 39 ડિ.સે., વલસાડમાં 36 ડિ.સે. દમણમાં 34 ડિ.સે., ભૂજમાં 39 ડિ.સે.,નલિયામાં 34 ડિ.સે., કંડલા પોર્ટ પર 35 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 38 ડિ.સે., અમરેલીમાં 41 ડિ.સે., ભાવનગરમાં 38 ડિ.સે., રાજકોટમાં 4 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 41 ડિ.સે., મહુવામાં 38 અને કેશોદમાં 38 ડિ.સે. મહત્તમ તાપમાન નોંધાયું હતું.

અત્રે નોંધનીય છે કે ઉનાળો મધ્યાહ્ને તપી રહ્યો છે અને રાજ્યભરમાં હીટવેવની સ્થિતિનું નિર્માણ થયું છે. ત્યારે આગામી દિવસોમાં પણ ગરમીથી કોઈ મોટી રાહત મળશે નહીં તેવું હવામાન વિભાગે કહ્યું છે.

સુડોકુ - 'ક્રુતિ' ૪૬૬૫

૩		૭		૪				
	૨			૮	૭			
		૬		૧	૩	૭		
		૫		૯	૬		૩	૧
૭	૩		૧	૫		૯		
	૧		૩	૨		૫		૭
	૫			૭	૯			૪
	૬	૪	૫	૩	૨			
	૭		૪					૯

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોકસમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૨૬૨૪-૯૬૬૫ ક્રિએટિવ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

કેસૂડાં - ગુલકંદ રીત

કેસૂડાના ફૂલ ભેગાં કરી ફક્ત પાંખડીઓ છૂટી કરિલો. વજ ખરેખર કઠણ હોઈ ચટવું નથી. પાંખડીઓ સારીરીતે ધોઈ કાઢી, એના વજનથી દોઢ ગણી ખાંડ ભેળવી, કૂકર માં વરાળથી 30 મિનિટ બાફી લો.

બહાર કાઢી એક કઢાઈમાં ફરી ધીમા તાપે રાંધવું. ફેરવતા રહેવું. ચાસણી આવે એટલે ઉતારી, ઠંડુ પડી બરણીમાં ભરી લો. બે ટુકડા તજ નાંખી શકો. ફ્રીઝ માં રાખવું. રોજ 20 ગ્રામ ખાઈ શકાય. જરા અવસ્થામાં વૃદ્ધ મિત્ર અને અન્યોની રોગ પ્રતિકાર શક્તિ વધારનાર છે.

શબ્દગુંફન - ૬૬૪૯ અરવિંદ એસ. ભારૂ

૧		૨		૩		૪			૫
		૬						૭	
૮	૯			૧૦			૧૧		
			૧૨			૧૩			
૧૪		૧૫			૧૬			૧૭	
૧૮	૧૯		૨૦	૨૧			૨૨		
	૨૩	૨૪				૨૫		૨૬	૨૭
૨૮				૨૯					
		૩૦	૩૧					૩૨	
૩૩					૩૪				

આડી ચાવી

૧. કવિતા, કાવ્ય (૩)
૩. ખાલી જગ્યા (૪)
૬. ઘોડા-બળદની એક પ્રકારની ચાલ (૩)
૭. જંગલ (૨)
૮. છેવટનું (૩)
૧૦. દૂધ દેતું એક યોપગું પ્રાણી (૨)
૧૧. ચળકતું, જાહેર (૩)
૧૨. લગાર (૨)
૧૩. શ્વાસ (૨)
૧૫. ઝેર, વિષ (૨)
૧૬. તંતુ, દોર (૨)
૧૭. ઠગાડું, લુચ્ચું (૨)
૧૮. સૂરજ (૨)
૨૦. ચિંતન (૩)
૨૨. પળ, ક્ષણ (૨)
૨૩. ભાઇના પિતા (૨)
૨૬. હાથ, વેરો (૨)
૨૮. બ્રહ્માના એક માનસપુત્ર (૩)
૨૯. સલાહ (૪)
૩૦. સોના-ચાંદીનું છેક પાતળું પતરું (૩)
૩૨. પવન (૨)
૩૩. દુઃખ, પીડા (૨)
૩૪. મંદ સ્મિત (૪)

ઊભી ચાવી

૧. બખતર, તાવીજ (૩)
૨. પોચું, કઠણ નહિ એવું (૩)
૩. શોખીન, મસ્ત (૪)
૪.એક સૂકો મેવો (૨)
૫. ચિંતન કરવાના સ્વભાવવાળું (૫)
૭. તાબે, આધીન (૨)
૯. સુંદર સ્ત્રી (૨)
૧૧. શરીર ઉપરના વાળ (૨)
૧૨. શારીરિક ઇજા, ઘા (૩)
૧૩. કિંમત, મૂલ્ય (૨)
૧૪. તૃપ્ત, ધરાયેલું (૨)
૧૬. આલાપ, ધૂન (૨)
૧૭. દુનિયા, માણસજાત (૩)
૧૯. ફેરફાર (૩)
૨૧. પગથી માથા સુધી (૪)
૨૪. કીચડ (૩)
૨૫. સરખા વજનવાળું (૪)
૨૭. ખેલ (૩)
૨૮. આગેવાન, સરદાર (૩)
૩૧. નસ, વલણ (૨)
૩૨. રસ્તો, માર્ગ (૨)



૨૬૨૪૬ - ૬૬૪૯ ક્રિએટિવમાઇન્ડ

આજનું પંચાંગ

તા. 26/04/2024, શુક્રવાર

વિક્રમ સંવત : 2080 **શાકે :** 1946
વીર સંવત : 2550 **માસ :** ચૈત્ર
તિથિ: વદ બીજ 7.47 પછી ત્રીજ
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : વૈશાખ : 06
નક્ષત્ર : અનુરાધા 27.40 પછી જન્મેલાની જ્યેષ્ઠાની શાંતિ કરાવવી
યોગ: વરિયાન **કરણ :** વણિજ
રાશિ : વૃશ્ચિક (ન.ચ.) **દિવસ :** શુભ
સુરતમાં સૂર્યોદય : 06:13 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:00
નવકારસી : 07:01
પારસી વર્ષ : 1393, આદર માસનો 15 મો રોજ
મુસલમાન વર્ષ : 1445, શવ્વાલ માસનો 16 મો રોજ
દિવસનાં ચોઘડિયાં: ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
રાત્રિનાં ચોઘડિયાં: રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
રાહુ કાળ : સવારે 10:30 થી 12:00 સુધી

મેષ (અ.લ.ઇ.): કાયદાકીય મદદ મળે. અચાનક નવી તક મળે. અટકેલાં કામ પાર પડશે. તંત્ર-મંત્ર, પૂજા પાઠમાં મનને શાંતિ મળે.

વૃષભ (બ.વ.ઉ.): સામાજિક સમસ્યાનું નિરાકરણ આવે. નવી યોજના બને. કુટુંબમાં ઉત્સાહજનક વાતાવરણ પેદા થાય.

મિથુન (ક.છ.ઘ.): નોકરીમાં જવાબદારી વધશે. આળસના કારણે વિઘ્નો આવે. આરોગ્ય સામાન્ય રહે.

કર્ક (ડ.હ.): વડીલોનો સાથ સામાજિક તેમજ કાયદા કાનૂનમાં મળે. બહારનાં કામમાં મદદ મળે.

સિંહ (મ.ટ.): અટકેલાં કામ પાર પડશે. મિત્રો સંબંધીઓને મદદરૂપ બનશો. નવાં કામ પાર પડશે.

કન્યા (પ.ઠ.ણ.): રચનાત્મક કાર્ય પાર પડશે. મિત્રો સંબંધીઓને મદદરૂપ બનશો. નવાં કામ પાર પડશે.

તુલા (ર.ત.): જીવનસાથીનો સાથ મળે. કોઇ ભેટ ઇનામ મળી શકે છે. ખાણીપીણીના ધંધામાં લાભ થાય.

વૃશ્ચિક (ન.ય.): સાહસિક બનશો. નવા ક્રાંતિકારી વિચારોથી યશ મળે. નવાં કામ પાર પડે. આર્થિક લાભ થાય.

ધન (ભ.ધ.ફ.ઢ.): પારિવારિક સમસ્યાનું સમાધાન થાય. કોર્ટ, કચેરીમાં અનુકૂળતા રહે. પ્રવાસનાં કામ પાર પડશે.

મકર (ખ.જ.): પરિવાર, મિત્રો સાથે મનોરંજન થાય. અચાનક આર્થિક લાભની યોજના પાર પડે.

કુંભ (ગ.સ.શ.ષ.): વિદેશ પ્રવાસના કામમાં કાયદાકીય મદદ મળે. ઉચ્ચ કક્ષાના લોકોનો સાથ મળે.

મીન (દ.ચ.ઝ.થ.): લેખન, પ્રકાશન, મુદ્રણને લગતા કામમાં ભાગ્યનો સાથ મળે. શુભ સમાચાર મળે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

કોઇ પણ સાલમાં 26 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષવાળું રહેશે. આરોગ્ય બાબતે ખાસ ધ્યાન રાખવુ પડશે. નોકરિયાત વર્ગની કસોટી વધશે. જવાબદારી, નવા ફેરફાર અને બદલી જેવા કામથી દોડધામ અને બોજ વધશે. નવા ધંધા-વ્યવસાયમાં ઘર્ષણનો અનુભવ વધે. નવી ટેકનોલોજીથી રાહત થાય. મિત્રો-વડીલો, સંતાનોના કામમાં મદદરૂપ બનશો. ઉધરાણી અટકે. આર્થિક બાબતે સામાન્ય રહેશે. નવા રોકાણમાં ઘીરજ રાખવી પડશે. વારસા, જાયદાદ, જમીન, સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. વર્ષના મધ્યમાં નવા ઘર, વાહન, મકાન બાબતે અનુકૂળતા થાય. વિદેશમાં વિદ્યાભ્યાસના કામમાં કાયદાકીય ગૂંચ સતાવે. સમાજમાં અશાંતિ પેદા થાય. ઉમરલાયકના વિવાહમાં વિઘ્નો આવે. વિદ્યાર્થીઓને મદદ મળે. નવી આર્થિક પ્રગતિ માટેની યોજના વર્ષની શરૂઆતમાં પાર પડી શકે છે. ધર્મ-કર્મથી શાંતિ મળે. ડિસેમ્બર-જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં નવી તકથી આર્થિક પ્રગતિ થાય. માર્ચ-એપ્રિલમાં અશાંતિ અને કામનો બોજ વધશે.